بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.11-11-2016 સ્થળ: કેનેડ.**

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યું :

હઝરત મસીહ મૌઉદ અ.સ.એ એક અવસરે ધનની કુરબાનીઓ પર પ્રકાશ નાખતા ફરમાવ્યું કે દુનિયામાં મનુષ્ય ધનથી અત્યાધિક પ્રેમ કરે છે માટે સ્વપ્નફળની વિદ્યામાં લખ્યું છે કે જો કોઇ વ્યકિત જુએ કે તેણે જીગર કાઢીને કોઇને આપ્યું તો તેનો અભિપ્રાય ધન છે. આ જ કારણ છે કે વાસ્તવિક પ્રેમ અને ઇમાનની પ્રાપ્તિ માટે ફરમાવ્યું કે વાસ્તવિક નેકીને કદાપી પ્રાપ્ત ન કરી શકશો જ્યાં સુધી કે તમે સર્વપ્રિય વસ્તું ખર્ચ ન કરો, કેમ કે અલ્લાહના બંદાઓ સાથે સહાનુભૂતિ તથા સુંદર વ્યવહારનો મોટો ભાગ, ધનને ખર્ચ કરવું છે જેના વગર ઇમાન સંપૂર્ણ તથા વ્યાપક નથી થતો. ફરમાવ્યું કે જ્યાં સુધી ઇન્સાન બલિદાન ન આપે બીજાને લાભ કેવી રીતે પહોવી શકે છે. બીજાનું હિત તથા સહાનુભૂતિ માટે બલિદાન અનિવાર્ય વસ્તું છે અને આ આયતમાં બલિદાનની તાલીમ તથા નિર્દેશ આપેલ છે. માટે ધનને અલ્લાહના માર્ગમાં ખર્વ કરવું પણ ઇન્સાનના સૌભાગ્ય અને તકવા પર ચાલનાર હોવાનો સ્તર અને કસોટી છે.

હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે મુબારક છે તે લોકો જે અલ્લાહની પ્રસન્નતા પ્રાપ્તિ માટે સખતાઇની ચિંતા ન કરે કેમ કે અસીમ આનંદ તથા અનંત આરામનો પ્રકાશ આ અસ્થાઇ કઠીનાઇ પછી મોમિનને મળે છે.

હુઝુર અનવરએ ફરમાવ્યું અત્યારની દુનિયા સમજે છે કે ધનને જમા કરવું તથા તેને પોતાની સુખ સમૃદ્ધિ માટે ખર્ચ કરવું જ તેમના માટે પ્રસન્નતા તથા શાંતિનું કારણ બની શકે છે પરંતુ એક મોમિન સમજે છે કે જેને દીનનો વાસ્તવિક જ્ઞાન તથા બોધ હોય કે નિઃસંદેહ અલ્લાહ તઆલાએ દુનિયાની નેઅમતો અને સુવિધાઓ ઇન્સાન માટે પૈદા કરી છે પરંતુ જીવનનો વાસ્તવિક ઉદેશ્ય અલ્લાહ તઆલાની પ્રસન્નતા છે, તકવા પર ચાલવું છે, અલ્લાહ તઆલાનો હક અદા કરવું છે તથા તેના બંદાનો હક અદા કરવું છે. અલ્લાહ તઆલાએ આ વિશે આ આયતમાં બયાન ફરમાવ્યું છે તેની વ્યાખ્યા હઝરત મસીહ મૌઉદ અ.સ.એ ફરમાવૂ છે કે વાસ્તવિક શાંતિ તો નેકીઓ કરવાથી મળે છે ધન એકત્ર કરવાથી નથી મળતી તથા નેકી તે સમય સુધી પોતાના સ્તરને પ્રાપ્ત નથી કરી શકતી જ્યાં સુધી અલ્લાહ તઆલા તથા તેના બંદાઓનો હક અદા કરવા માટે તે વસ્તું ખર્ચ ન કરો જેનાથી તમને પ્રેમ છે. હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે ધન દૌલત એવી વસ્તું છે જેને ઇન્સાન ખુબ પ્રેમ કરે છે. આજે જો આપણે નિરીક્ષણ કરીએ તો દુનિયાના ઉપદ્રવ, આતંકનું કારણ ધન દૌલતથી પ્રેમની હવસ છે. દુનિયાદારને તો આ પણ નથી માલુમ કે જો તેની પાસે અત્યાધિક ધન આવી ગયું છે તો તેને ખર્ચ કયા પ્રકારે કરવું છે ખર્ચ તો નિઃસંદેહ તે લોકો કરે છે પરંતુ પોતાની વાસનાઓની તૃપ્તિ માટે ન કે અલ્લાહ તઆલાની પ્રસન્નતા પ્રાપ્તિ માટે અને નેકીઓ માટે.

હમ અહેમદીઓને રૂહાની આવશ્યકતાઓ પુરી કરવા માટે ધનને ખર્ચ કરવું પણ અનિવાર્ય છે કેમકે મર્ગદર્શનન ના સંપૂર્ણ પ્રસારનું કામ હવે હઝરત મસીહ મૌઉદ અ.સ.ને સોપેલ છે. તે માર્ગ દર્શન જે આંહઝરત સ.અ.વ. સંપૂણ માનવ જાતિ માટે લાવ્યા હતા અને તેને ફેલાવવા માટે આપ સ.અ.વ. વ્યાકુળ હતા, તેને પુરા થવાનો જમાનો આ છે. જે રીતે આ કામ હઝરત મસીહ મૌઉદ અ.સ.ને સોપવામાં આવ્યું હતું તે જ રીતે હવે આ કામ આપના માનનારને સોપેલ છે. તેમને સોપેલ છે જે આ પ્રતિજ્ઞા કરે છે કે અમે દીનને દુનિયા પર પ્રાથમિકતા આપીશું. ધનવાન લોકો તો પોતાની મોજ મસ્તીમાં ખર્ચ કરે છે પરંતુ મોમિન તે છે જેને અલ્લાહ તઆલા ફરમાવે છે કે વાસ્તવિક નેકી પ્રાપ્ત કરવા માટે, અલ્લાહ તઆલાની પ્રસન્નતા પ્રાપ્તિ માટે પોતાને કઠીનાઇમાં નાખીને તે માલને ખર્ચ કરો જેનાથી તમને પ્રેમ છે. આ જમાનામાં અહેમદીયા જમાત જ તે જમાત છે જે એક નિઝામ પ્રમાણે આ ખર્ચને કરો છે, જે ઇસ્લામના પ્રસાર માટે

ખર્ચ કરે છે જેમાં વિભિન્ન સાધનો દ્વારા તબલીગના કામો છે તથા સૃષ્ટિથી સહાનુભૂતિના કારણે તેમના હક અદા કરતાં તેમના ઉપર ખચે કરે છે તથા અસંખ્ય એવા લોકો છે જે આ કઠીનાઇને ઉઠાવીને ખર્ચ કરે છે તથા આ વિશ્વાસ સાર્થ ખર્ચ કરે છે કે જ્યાં આ ખર્ચ અલ્લાહ તઆલાની નિકટતા તથા તેની પ્રસન્નતા પ્રાપ્તિ કરનાર બનાવશે ત્યાં આ સંતોષ પણ છે કે ઉચિત પ્રકારનો ખર્ચ થશે. આ વાતને તો અનેક બિન અહેમદી પણ સ્વીકાર કર્યા વગર નથી રહેતાં કે જમાતની આર્થિક તથા વ્યય વ્યવસ્થા ઉત્તમ છે.

અમારા કબાબીરના મુબલ્લીગએ એક ઘટના લખી છેકે યરોશલમ યુનીવર્સિટીના બે રિટાયર્ડ પ્રોફેસર પોતાના બે બહારના મિત્રો સાથે અમારા મિશન કબાબીર આવ્યા. તેમની સાથે જમાઅત વિશે વાત કરવાનો અવસર મળ્યો, નિઝામે જમાઅત વિશે જણાવ્યું. તે મહેમાનમાં એક ઓસ્ટીયાથી સંબંધ રાખતો હતો. અંતમાં તેઓ કહેવા લાગ્યા કે મને અહેમદીયા જમાતની જે સૌથી સારી વાત લાગી તે આ છે કે આપની જમાતનો આર્થિક નિઝામ ખુબ જ પવિત્ર અને સાફ છે. કહેવા લાગ્યા કે દુનિયામાં માત્ર પવિત્ર ધનથી ક્રાંતિ લઇને આવવુ આપ લોકોના જ ભાગ્યમાં લખ્યું છે તથા તેના માટે આપને મુબારક હો અને ચંદા માટે શુધ્ધ ધન અનિવાર્ય છે. અલ્લાહ તઆલાએ આ પણ ફરમાવ્યું છે કે પોતાના તે ધનમાંથી આપો જે પવિત્ર ધન હોય, જે જાયઝ તરીકાથી કમાયું હોય. ધોકાથી કમાયેલ ન હોય, ટેક્ષ બચાવીને કમાયેલ ન હોય અથવા કોઇ અનુચિત રંગમાં કમાયેલ ન હોય. આ વાત તે દુનિયાદારને પણ નઝર આવી ગઇ કે ક્રાંતિ લાવનાર આ લોકો જ છે. માટે જ્યાં સુધી આપણી નિયતો નેક રહેશે જ્યાં સુધી આપણે પવિત્ર ધન પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરતા રહીશું તથા તેને ખુદા તઆલા માટે ખર્ચ કરતા રહીશું, નિઃસંદેહ ત્યારે આપણે ક્રાંતિ લાવનાર સાધન બનીશું અને આ ક્રાંતિ આપણા ભાગ્યમાં છે કેમકે અલ્લાહ તઆલાનો હઝરત મસીહ મૌઉદ અ.સ.થી આ વાયદો છે. કોઇ સાંસારિક ક્રાંતિ આપણે નથી લાવવી બલ્કે રૂહાની ક્રાંતિ લાવવી છે. આંહઝરત સ.અ.વ.ના પૈગામને દુનિયામાં પહોચાડવું છે, તૌહીદ જારી કરવી છે અને બંદાના હક અદા કરવા છે અને આ કોઇ ઇન્સાની વાતો નથી બલ્કે અલ્લાહ તઆલાએ હઝરત મસીહ મૌઉદ અ.સ.થી નિષ્ઠાવાન અને પ્રિય ગિરોહ વધારવાનો વાયદો કર્યો છે. જમાતની માલી કુરબાનીનું વર્ણન કરતાં હઝરત મસીહ મોઉદ અ.સ.એ ફરમાવ્યું કે હું આ ખુબ જાણું છું કે અમારી જમાઅતએ આ નિષ્ઠા અને આજ્ઞાપાલન દેખાડયું છે જે સહાબા તંગીના દિવસોમાં દેખાડતા હતા. હુઝુર અનવરે ફરમાવ્યું કે એક અવસર પર આપે જમાતના લોકોના બલિદાનના સ્તરને જોઇને આ આશ્ચર્યને પણ પ્રકટ કર્યુ હતું કે કઇ રીતે આ લોકો આટલી કુરબાની આપે છે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે આજે હું તહેરીક એ જદીદની ઘોષણા પણ કરીશ માટે હું અમુક તે કુરબાની કરનાર લોકોની ઘટનાઓ પણ પેશ કરૂં છું જે ધનની કુરબાની વિષયમાં છે. ફકત ધની દેશોમાં જ નહી બલ્કે નિર્ધન દેશોમાં બિલકુલ નવા સામેલ થનાર અહેમદી જે છે, અલ્લાહ તઆલા અહેમદિયત કરવા પછી તેમના પણ કેવી રીતે દિલ ફેરવે છે, આશ્ચર્ય થાય છે કે તંગી હોવા છતાં તે બલિદાનમાં આગળ વધનાર છે. મુબલ્લીગ ઇન્ચાર્જ ગનાકરી લખે છે કે અહીંયા એક જમાત છે સોનબ યાવી, તેમની મસ્જીદના ઇમામ પોતાની મસ્જીદ સમેત આ વર્ષે જમાતમાં સામેલ થયા. જ્યારે તેમને જમાતના માલી નિઝામ તથા તહેરીક એ જદીદના મહત્ત્વ વિશે જણાવ્યું તો કહેવા લાગ્યા કે મેં સ્વયં પણ ચંદા અને જકાત પર ભાષણો આપ્યા છે પરંતુ આ પ્રકારનું માલી નિઝામ મેં કયાંય નથી જોયું અને નથી સાંભળ્યું. આમ તેઓએ તેજ સમયે ચંદાની અદાઇગી કરી અને કહ્યું કે હું આપને વાયદો કરૂં છું કે ભવિષ્યમાં દર મહીને અમારી પુરી જમાત ચંદો અદા કરશે. હુઝુર અનવરે ફરમાવ્યું આ તે લોકો છે જે નિર્ધન ક્ષેત્રના છે, અત્યંત નિચલા સ્તરના નિર્ધન છે પરંતુ કુરબાનીઓમાં આ સર્વોચ્ચ સ્તર પર પહોચનાર છે.

ફરમાવ્યું પછી આ માત્ર એક દેશની વાર્તા નથી બલ્કે આ હવા વિશ્વના અનેક દેશોમાં ચાલી રહી છે. ભારતથી આંધ્રા તથા તેલંગાનાના ઇન્સપેકટર શહાબુદ્દીન સાહેબ કહે છે કે હૈદરાબાદના એક ગરીબ મિત્ર છે તેમણે પોતાનું વેપાર વીસ હઝાર રૂપિયાથી શરૂ કર્યુ, એક નાનકડી દુકાન ચલાવે છે, નમાઝના સમયે દુકાન બંધ કરી દે છે એક

મહીનાની પુરી આવક તહેરીકએ જદીદમાં અદા કરે છે. આ વર્ષે પણ તેમણે ૬૦ હઝાર રૂપિયા તહેરીકએ જદીદમાં આપ્યા.ભાડાના મકાનમાં રહે છે. ઇન્સપેકટર સાહેબ કહે છે કે એક દિવસ મેં તેમને કહ્યું કે આપ પોતાનું ઘર ખરીદી લો તો તેઓ કહેવા લાગ્યા કે જેવું ચાલી રહ્યું છે ચાલવા દો, દુનિયા આમય વિનાશ તરફ જઇ રહી છે, ધન ભેગું કરવાની જરૂર શું છે કેમ ન હું અલ્લાહ તઆલા માટે ખર્ચ કરતો રહું.

જર્મનીના સૈકેટ્રી તહેરીક એ જદીદએ લખ્યું કે એક મહિલા છે જેમણે પોતાનું નામ જાહેર નથી કર્યુ. તહેરીક એ જદીદના દફતરમાં આવી અને પોતાનું તમામ ધન, આભૂષણ તહેરીક એ જદીદમાં પેશ કરી દીધું. આભૂષણ એટલા અધિક હતા કે આખું ટેબલ ઘરેણાંથી ભરાઇ ગયું. શોનાના હાર, અંગુઠીઓ, ચુડીઓ મોટી સંખ્યામાં વસ્તુંઓ હતી પરંતુ તેમણે કહ્યું કે મારૂં નામ જાહેર ન કરશો જેથી મારી કુરબાની કેવળ ખુદા તઆલા માટે હોય. હુઝુર અનવરે ફરમાવ્યું આભૂષણ મહીલાની કમજોરી છે, પરંતુ અહેમદી મહીલાઓ છે જે આ કુરબાનીઓ કરે છે.

રૂસની પણ અનેક ઘટનાઓ છે, એક મિત્ર લીના સાહેબ કહે છે કે તેઓ ભાડાના મકાનમાં રહેતા હતા અનેક પ્રકારની દુવિધાઓમાં ઘેરાયેલા હતા પરંતુ પોતાનો લાઝમી ચંદો તથા તહેરીક એ જદીદનો ચંદો પોતાના સામર્થ યાનુસાર અદા કરતા રહ્યા. આ મિત્ર કહે છે કે ચંદાની બરકતથી મારી પત્નીને મેડીકલ કોલેજ પૂર્ણ થયા પછી સરકારી નૌકરી મળી ગઇ તથા સરકારે બાળકોના નિવાસ માટે ઋણની વ્યવસ્થા પણ કરી દીધી હવે આર્થિક સ્થિતિ પહેલાંથી ખુબ સારી છે અને અલ્લાહના ફઝલથી અમારી પાસે બે ગાડીઓ પણ આવી ગઇ તેઓ કહે છે કે આ બધું અલ્લાહ તઆલાનો ફઝલ અને ચંદો અદા કરવાનું પરિણામ છે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે હવે રૂસમાં બેઠો એક વ્યકિત, તેને પણ અલ્લાહ તઆલા પ્રદાન કરી રહ્યો છે, આફ્રીકા વાળાને પણ પ્રદાન કરી રહ્યો છે અન્ય દેશોમાં પણ, તો બધું અલ્લાહ તઆલાના વ્યવહારનો પ્રમાણ છે કે અલ્લાહ તઆલાએ હઝરત મસીહ મૌઉદ અ.સ.થી જે વાયદો કર્યો હતો પ્રેમીઓની જમાત પ્રદાન કરવાનો તથા તેમને ઇમાનમાં વધારવાનો, જે અલ્લાહ તઆલા તરફ વધે છે તેમને ઇમાનમાં વધારે છે.

હુઝુર અનવરે જમાતના લોકોની કુરબાનીઓના અનેક વૃત્તાંત બયાન ફરમાવ્યા અને ફરમાવ્યું કે ધનની કુરબાનીઓ તથા તેના પર અલ્લાહ તઆલાના ફઝલોના અસંખ્ય વૃત્તાત છે જે મારી પાસે આવ્યા છે તેમાંથી મેં અમુક પેશ કર્યા છે. લગભગ પ્રત્યેક દેશમાં રહેનાર લોકો સાથે અલ્લાહ તઆલાનો આ જ વ્યવહાર છે જે અલ્લાહ તઆલા પર ભરોસો, તેના માટે બલિદાન આપે છે અલ્લાહ તઆલા તેમને અત્યાધિક પ્રદાન કરે છે એક બુધ્ધિ રાખનાર મનુષ્ય માટે અહેમદિયતના સત્ય નો આજ પ્રમાણ ઘણો છે કે કઇ રીતે કુરબાનીઓના પરિણામે અલ્લાહ તઆલા કુરબાનીઓ કરનારને પ્રદાન કરે છે એટલા માટે કે આ ચંદો ખુદા તઆલાના દીન માટે ખર્ચ થાય છે નિર્ધન દેશોના લોકો નિઃસંદેહ ચંદો આપે છે પરંતુ તેમનો ખર્ચ ચંદાથી અધિક છે માટે ધની દેશોથી આવેલ ચંદાથી કેન્દ્ર આ દેશોમાં ખર્ચ કરે છે જેમના પોતાન બજેટ પુરા નથી થતા. અનેક શાળાઓ દવાખાનાઓ મિશન હાઉસ મસ્જિદો પ્રતિ વર્ષ નિર્માણ થાય છે તથા તેના માટે ધન રાશિની જરૂર પડે છે જે તહેરીક એ જદીદ અને વકફે જદીદના ચંદાથી પૂર્ણ કરવામાં આવે છે. આ રીતે એમટીએ પર પણ ખુબ ખર્ચ થાય છે. એમટીએ વિશે આ વાત પણ કહેવા ચાહું છુ કે નિરીક્ષણ અનુસાર અહીયા એમટીએ સાંભળવાની જેટલી રૂચી હોવી જોઇએ તે નથી અથવા મારો ખુત્બો લાઇવ નથી સાંભળતા, જમાત એટલો અધિક જે ખર્ચ કરે છે આ જમાતના પ્રશિક્ષણ માટે છે જો સમયનો અંતર છે તો જે ફરીથી આવે છે તો તેને સાંભળવું જોઇએ. અલ્લાહ તઆલાએ એમટેએને એક સાધન બનાવ્યો છે. ખિલાફતથી જમાતનો સંબંધ જોડવાનો, જો તમે ઘરો આ તરફ ધ્યાન ન આપશો તો ધીરે ધીરે આપની સંતાન દુર થતી જશે. માટે ખુત્બો જરૂર સાંભળો.

હુઝુર અનવરે ફરમાવ્યું ઇ.સ.૧૯૩૪માં અહેરારના લોકો જમાતને નષ્ટ કરવાની વાતો કરતાં હતા, કાદીયાનની ઈટ ઊખાડવાની વાતો કરતાં હતા, તે સમયે હઝરત મુસ્લેહ મૌઉદ રઝી એ તહેરીક એ જદીદની ઘોષણા

કરીને દુનિયામાં મિશ્નરી મોકલવાની યોજના બનાવી અને અલ્લાહ તઆલાના ફઝલથી દુનિયાના પ્રત્યેક દેશમાં અહેમદીયા જમાતને લોકો ઓળખે છે તથા ૨૦૯ દેશોમાં જમાત સ્થાપિત થઇ ચુકી છે. આજે જમાતના રૂપમાં એક માત્ર અહેમદીયા જમાત છે જેના પર કદાપી સૂર્યાસ્ત નથી થતો, તો કયાં અહેરારી લોકો કાદીયાનના અવાજને નષ્ટ કરવાની વાતો કરતા હતા અને કયાં આજે દુનિયાના પશ્ચિમી ખુણાંથી આખા વિશ્વમાં હઝરત મસીહ મૌઉદ અ.સ.ના પૈગામને આપનો એક ગુલામ અને તુચ્છ સેવક પહોચાડી રહ્યો છે. હઝરત મસીહ મૌઉદ અ.સ.થી જે અલ્લાહ તઆલાએ વાયદો કર્યો હતો તે પુરી શાનથી પુરો થઇ રહ્યો છે. માટે આ વાતને પણ પ્રત્યેક અહેમદીએ યાદ રાખવી જોઇએ કે આ વાતો તેમના પર દાયિત્વ નાખે છે તથા આ દાયિત્વને અદા કરવું આપ તમામ લોકોનું કર્તવ્ય છે. અલ્લાહ તઆલા આની તૌફીક પણ અતા કરે.

હવે હું તહેરીક એ જદીદના નવા વર્ષની ઘોષણા કરૂં છું તથા પ્રથા અનુસાર અમુક આંકડા પણ પેશ કરૂં છું અલ્લાહ તઆલાના ફઝલથી તહેરીક એ જદીદનો આ જે વર્ષ ગુજર્યો છે ૩૧ ઓકટોબરના રોજ પુરો થયો છે આ ૮૨મો વર્ષ હતો અને પ્રથમ નવેમ્બરથી ૮૩મું વર્ષ આરંભ થઇ ચુકયો છે. અલ્લાહ તઆલાના ફઝલથી જે રિપોર્ટ આવી છે તે અનુસાર તહેરીક એ જદીદના માલી નિઝામમાં આંતરરાષ્ટ્રીય અહેમદીયા જમાતને એક કરોડ નવ લાખ પાત્રીસ હઝાર પાઉંડ સ્ટ્રલિંગની કુરબાનીનું સામર્થ્ય મળ્યું છે, અલ હમ્દો લિલ્લાહ. આ વસૂલી પાછલાં વર્ષથી ૧૭ લાખ ૭૦ હઝાર પાઉંડ અધિક છે. જમાતોની પોઝીશન અનુસાર પાકિસ્તાન તો હંમેશા પ્રથમ નંબરે હોય છે, તેને છોડીને પહેલાં નંબરે જર્મની છે, બીજા નંબરે બર્તાનિયા છે, ત્રીજા નંબરે અમેરિકા છે ચોથા કેનેડા, પાંચમાંભારત,છઠા ઓસ્ટ્રેલિયા,સાતમાં મિડિલ ઈસ્ટની એક જમાત,આછમાં ઈન્ડોનેશિયા, નવમાં મિડિલ ઈસ્ટની એક જમાત, દસમાં ઘાના, અને અગ્યાર નંબરે સ્વિઝર લેન્ડ. આફ્રીકન દેશોમાં સામૂહિક વસૂલી અનુસાર મોરીશસ પ્રથમ નંબરે છે પછી ઘાના છે પછી નાઈઝેરિયા, પછી ગૈમ્બિયા, દક્ષિણ આફ્રીકા, બર્કીના ફાસો, કૈમરોન સીરાલીયોન લાઇબેરિયા અથવા તંઝાનિયા અને માલી. હુઝુર અનવરે ફરમાવ્યું સામેલ થનારની સંખ્યામાં પણ અલ્લાહ તઆલાના ફઝલથી આ વર્ષે ૯૦ હઝારની વૃધ્ધિ થઇ છે અને ૧૪ લાખ ચાર હઝારથી અધિક લોકો સામેલ થયા છે.ભારતની પ્રથમ દસ જમાતો, કરૂલાઇ કેરલા, કાલીકટ કેરલા, હૈદરાબાદ તેલંગાના, પિત્થા પિરયમ કેરલા, કાદિયાન, કૈનાનૂર ટાઉન કેરલા, પયંગાડી કેરલા, દિલ્લી, કલકત્તા બંગાળ, પછી સલોર તામિલનાડું.ભારતના પ્રથમ દસ પ્રદેશો જે છે પ્રથમ નંબરે કેરલા, પછી કર્નાટક, આંધ્રા પ્રદેશ, તામિલનાડું, જમ્મુ કાશ્મીર, ઓડીશા, પંજાબ, બંગાળ, દિલ્લી, અને મહારાષ્ટ્ર. ફરમાવ્યું કે ભારતમાં પાછલાં કેટલાંક વર્ષોથી ખુબ પ્રગતિ છે, પહેલા અહીયા ખુબ પાછળ હતા.

અલ્લાહ તઆલા આ તમામ સામેલ થનારના ધન દૌલતમાં અત્યાધિક બરકત અતા ફરમાવે તથા તેમની કુરબાનીઓને કબુલ ફરમાવે અને ભવિષ્યમાં પણ આગળ વધીને કુરબાનીનું સામર્થ્ય પ્રદાન કરે અને હંમેશા ખિલાફત સાથે તેમનું મજબુત સંબંધ સ્થાપિત કરતા રહે.

Khulasa Khutba Jumma Huzoor Anwar 11 November 2016

BOOK POST (Printed Matter)

To.............................................................................................................

.............................................................................................................

.............................................................................................................

From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT.